અનુ.જાતિ તથા વિચરતી અને વિમુકતજાતિના લોકો માટેની વ્યકિતગત ધોરણે ગૃહનિર્માણની યોજના.

ગુજરાત રાજ્ય,
સમાજ કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: વમસ/૧૨૮૮/૧૪૩૯/૧/ખ.
નવા સચિવાલય, ગાંધીનગર.
તારીખ. ૧૮-૩-૧૯૯૩.

વંચાણે લીધાં :-

૧. સમાજ કલ્યાણ વિભાગનો તા.૨૫-૧-૮૯ નો ઠરાવ ક્રમાંક-વમસ/૧૨૮૮/૧૪૩૯/૧/ખ.
૨. સમાજ કલ્યાણ વિભાગનો તા.૭-૩-૯૦ નો ઠરાવ ક્રમાંક: વમસ/૧૨૮૯/૧૦૨૦/ખ.
૩. સમાજ કલ્યાણ વિભાગનો તા.૧૯-૮-૯૧ નો ઠરાવ ક્રમાંક:વમસ/૧૨૮૮/૧૪૩૯/(૧)ખ (૬)
૪. સમાજ કલ્યાણ વિભાગનો તા.૩૧-૭-૯૨ નો ઠરાવ ક્રમાંક:વમસ/૧૨૮૮/ખા. ૯૭/ખ.
૫. નિયામકશ્રી સમાજ કલ્યાણ ખાતું, ગાંધીનગરનો તા.૨૮-૧૨-૯૦ નો પત્ર ક્રમાંક: સક/અગન/૯૦/૯૧/૪૩૧૭.
૬. નિયામકશ્રી સમાજ કલ્યાણ ખાતું, ગાંધીનગરનો તા.૧૬-૧૧-૯૧ નો પત્ર ક્રમાંક: સક-અગન/રામસ/૯૧/૨૬૬૭.

ઠ રા વ :-

અનુ. જાતિ તથા વિચરતી અને વિમુકતજાતિના લોકો માટે વ્યકિતગત ધોરણે ગૃહનિર્માણની યોજના આમુખમાં અ.નં.(૧) અન્વયે જણાવેલા આ વિભાગના તારીખ.૨૫-૧-૮૯ ના ઠરાવથી નિયત કર્યા મુજબ અને આમુખમાં (૨)થી (૪) અન્વયે દર્શાવેલ ઠરાવો અન્વયે કરવામાં આવેલ સુધારાઓ મુજબ અમલમાં છે. આ યોજનાની મુખ્ય જોગવાઈઓ નીચે મુજબ છે.

(૧) મકાનની ટોચની:- મકાનની ટોચની કિંમત રૂ.૧૦,૦૦૦/- રહેશે.
(૨) મકાન સહાયની રકમ :- મકાન સહાયની રકમ રૂ.૧૦,૦૦૦/- કે થયેલ ખરેખર ખર્ચ તે બેમાંથી જે ઓછું હોય તેના ૯૦% પ્રમાણે વધુમાં વધુ રૂ.૯,૦૦૦/- રહેશે. જેઓની વાર્ષિક આવક રૂ.૬૪૦૦/- થી વધતી ના હોય તેઓને રૂ.૯,૦૦૦/-ને બદલે રૂપિયા ૧૨,૭૦૦/-ની સહાય ચૂકવવામાં આવે છે.
(૩) લાભાર્થીઓનો ફાળો :- લાભાર્થીનો ફાળો રૂ.૧૦,૦૦૦/- કે થયેલ ખરેખર ખર્ચ તે બેમાંથી જે ઓછું હોય તેના ૧૦ ટકા [illegible]

(૪) સહાયની ચૂકવણી :- સહાયની રકમ ત્રણ હપ્તામાં ચૂકવવાની રહેશે. જે પૈકી પ્રથમ હપ્તો ૫૦ ટકા, બીજો હપ્તો ૨૫ ટકા અને ત્રીજો હપ્તો ૨૫ ટકા રહેશે. પ્રથમ હપ્તો અરજી મંજુર થયે બીજો હપ્તો બારી (રૂફ) લેવલ સુધીનું બાંધકામ પૂર્ણ કર્યા અંગેનુ પ્રમાણપત્ર રજૂ કર્યેથી અને ત્રીજો હપ્તો મકાન બાંધકામ સંપૂર્ણ થયા અંગેનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ચૂકવવામાં આવે છે.

(૫) આવક-મર્યાદાનું ધોરણ :- (અ) અનુ. જાતિમાં અતિપછાત એવી ભંગી, સેનવા, હાડી, નાડીયા, ભંગી સફાઇ કામદાર, તુરી ગરો, બાવા, હરિજન બાવા, વણકરસાધુ'ના લોકો માટે આવક-મર્યાદા નથી.

(બ) ઉપર (અ) માં જણાવ્યા સિવાયના અન્ય અનુ.જાતિ તેમજ વિચરતી, વિમુકતજાતિ માટે વાર્ષિક રૂ.૧૨,૦૦૦/- ની આવક મર્યાદા છે.

આ યોજના હેઠળ મકાન બાંધવા માટે જમીન ધરાવતા અનુ.જાતિના અને વિચરતી અને વિમુકત જાતિના લોકોને લાભ મળી શકે છે. આ અંગે આમુખમાં અ.નં.(૨) અન્વયે દર્શાવેલ તા.૭-૭-૯૦ ના ઠરાવથી કરવામાં આવેલ જોગવાઇ મુજબ સંજોગોવશાત કોઇ વ્યકિત રૂ.૧૦,૦૦૦/- કરતાં સહેજ વધારે કિંમતનું મકાન બાંધે તો પણ સહાય મળવા પાત્ર રહેશે તેમ ઠરાવેલ છે. મકાન બાંધકામની ટોચની કિંમત જયાં રૂ.૧૦,૦૦૦/- થી વધતી હોય તેવા કેસોમાં આ "સહેજ વધારે કિંમતનું" એ શબ્દ પ્રયોગને કારણે ઘણાં ઓડીટ વાંધા આવેલ હોવાથી નિયામકશ્રી સમાજ કલ્યાણ ખાતા તરફથી આમુખમાં અ.નં. (૫) અન્વયે દર્શાવેલા તા.૨૮-૧૨-૯૦ ના પત્રથી આ યોજના હેઠળ મકાન બાંધકામની ટોચની કિંમતમાં સુધારો કરી ચોકકસ રકમ નિયત કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે. આ ઉપરાંત આ યોજનામાં મકાન બાંધકામ પુર્ણ કર્યા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે સક્ષમ અધિકારીઓ નકકી કરેલાં ન હોવાથી નિયામકશ્રી સમાજ કલ્યાણ ખાતા તરફથી આમુખમાં અ.નં.(૬) અન્વયે દર્શાવેલ તા.૧૯-૧૧-૯૧ ના પત્રથી આ યોજનાના સરળ અમલીકરણ માટે સક્ષમ અધિકારીઓ નકકી કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે. આથી કેટલાંક સમયથી આ યોજના હેઠળ લાભાર્થી દ્વારા બાંધવામાં આવેલ મકાનના 'કમ્પલીશન સર્ટીફીકેટ' આપવા માટે સક્ષમ અધિકારીઓ નિયત કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

આ બાબત કાળજી પુર્વકની વિચારણાને અંતે સરકારશ્રીએ આ યોજના હેઠળ મકાનની ટોચની કિંમત રૂ.૧૦,૦૦૦/- થી વધારીને રૂ.૨૦,૦૦૦/- (રૂપિયા વીસ હજાર પુરા) સુધીની કરવાનું અને મકાન બાંધકામ અંગે કમ્પ્લીશન સર્ટીફીકેટ આપનાર સક્ષમ અધિકારીઓ નીચે જણાવેલ અધિકારીઓને

સક્ષમ અધિકારીઓ તરીકે નિયત કરવાનું ઠરાવેલ છે.

(૧) ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા પંચાયતના ઓવરસીયર અથવા મદદનીશ ઇજનેર કે તેથી ઉપરની કક્ષાના અધિકારી.

(૨) શહેરી વિસ્તારમાં રાજ્ય સરકાર, મ્યુનિસીપલ કોર્પોરેશન કે નગરપાલિકાના મદદનીશ ઇજનેર કે તેથી ઉપરની કક્ષાના અધિકારીઓ.

આ યોજનાની અન્ય શરતો યથાવત રહે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૭-૧-૯૩ ની, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગની તા.૧૪-૧૨-૯૨ ની શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની તા.૧૭-૧૨-૯૨ ની/અને રસ્તા અને મકાનો વિભાગની તા.૧૧-૧૨-૯૨ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એસ. ડી. મહેતા,
ઉપ સચિવ,
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,

માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
મા. મંત્રીશ્રી (સા.ક.) ના નાયબ સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર.
મા. મંત્રીશ્રી (આ.ક) ના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
મા. સંસદીય સચિવશ્રી (સા.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
મા. સંસદીય સચિવશ્રી (આ.ક.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો.
નિયામકશ્રી સમાજ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
સર્વે જિલ્લા તિજોરી અધિકારીઓ
સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીઓ.
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત)
નાણાં સલાહકારશ્રી, નાણા શાખા, સ.ક.વિ. સચિવાલય, ગાંધીનગર.
વિભાગની ઓડિટ શાખા.